# કોઇપણ દેશનો આર્થિક વિકાસ તે દેશના બિઝનેસ પર આધાર રાખે છે



**• ઇડીઆઇ ખાતે ૨૪ દેશોમાંથી ૨૯ મહિલા પાર્ટીસિપન્ટ્સ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં જોડાયા**

**અમદાવાદ : ૦૨ એપ્રિલ ૨૦૧૫**

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા ખાતે 'એમ્પાવરિંગ વિમેન થ્રુ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગામ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વના ૨૪ દેશોમાંથી આઈ.ટી, એજ્યુકેશન, કમ્યુનિકેશન, મેનેજમેન્ટ વગેરે ક્ષેત્રોમાંથી ૨૯ પાર્ટીસિપન્ટ્સ જોડાયા હતા. હજી જે દેશો ડેવલપ થઈ રહ્યાં છે તેવા દેશોમાંથી પણ પાર્ટીસિપન્ટ્સ આ કાર્યક્રમમાં જોડાયા હતા. છ વીકના આ પ્રોગામ દરમિયાન દરેક પાર્ટીસિપન્ટ્સ પોતાના દેશની ઈકોનોમિકલી અને પોલિસી મેટર શૅર કરે છે. ત્યારબાદ તેના પર વર્કઆઉટ કરવામાં આવે છે. આ પ્રોગામ દરમિયાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પાર્ટીસિપન્ટ્સને નોલેજ આપવામાં આવે છે. આ પ્રોગામમાં આફ્રિકન કન્ટ્રીથી ઘણાં લોકો આવ્યા છે. ત્યાં નેચરલ રીસોર્સ અને મેડિસિન માટે ઘણાં સ્કોપ છે. આ ફિલ્ડને લઈને પાર્ટીસિપન્ટ્સને ઉદ્યોગસાહસિકતા વિશે નોલેજ આપવામાં આવે છે. આ અંગે વાત કરતાં પ્રોગામ ડાયરેક્ટર પી.ગણેશે જણાવ્યું હતું કે, કોઈપણ કન્ટ્રીનો ઈકોનોમિકલી વિકાસ સધાય તે માટે તમારે ઉદ્યોગ સાહસિકતા પર જ ધ્યાન આપવું પડશે. નોકરીઓ ઊભી કરવા માટે બિઝનેસની તકો વધે તે માટે પ્રાધાન્ય આપવું પડશે. આ પ્રોગામમાં અમે તેમની સિચ્યુએશન સમજીને તેમને તે પ્રમાણે ગાઈડ કરીએ છીએ.

## આ દેશની ઉદ્યોગ સાહસિક મહિલાઓ જોડાઇ

- મલેશિયા
- કમ્બોડિયા
- બાંગ્લાદેશ
- આર્જેન્ટિના
- ચિલી
- માલદીવ્સ
- મોંગોલિયા
- ફિલિપીન્સ
- ઘાના
- કેન્યા